# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**તોડજોડની નીતિ સફળ રહી | કરમસદ-આણંદ મહાનગરપાલિકામાં મતદાન પહેલા જ ભાજપનો ‘શંખનાદ’**

# કરમસદ - આણંદ મનપામાં 12 બેઠક પર કેસરીયો લહેરાયો

**વોર્ડ નં. 6 બિનહરીફ** કબજે કરી ભાજપનો ક્લીન સ્વીપ

**‘આપ’ના ઉમેદવારોએ** મેદાન છોડ્યું અને કોંગ્રેસ ‘ઉંઘતી’ ઝડપાઇ!

(પ્રતિનિધિ) આણંદ તા.15

કરમસદ-આણંદ મનપાની પ્રથમ ઐતિહાસિક ચૂંટણીમાં જંગ જામતા પહેલા જ ભાજપે મજબૂત મનોવૈજ્ઞાનિક સરસાઈ મેળવી લીધી છે. 13 વોર્ડની કુલ 52 બેઠકો માટે યોજાનારી આ ચૂંટણીમાં મતદાન થાય તે પૂર્વે જ ભાજપે 12 બેઠકો બિનહરીફ હસ્તગત કરીને વિજયી ‘શ્રીગણેશ’ કર્યા છે. ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે વિપક્ષી ગઢમાં ગાબડા પડતા અને ઉમેદવારોએ પીછેહઠ કરતા ભાજપનો ભગવો લહેરાવો નિશ્ચિત મનાઈ રહ્યો છે.

કરમસદ-આણંદ મનપાના વોર્ડ નં. 6 અને 7માં ભાજપનો દબદબો ચૂંટણીના ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા દરમિયાન વોર્ડ નંબર 6ની તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર કરવામાં આવ્યા છે . આ ઉપરાંત, વોર્ડ નંબર 7માં આમ આદમી પાર્ટીના બે મહિલા સહિત ત્રણ ઉમેદવારો - અજયભાઈ પ્રજાપતિ, મીનાબેન રાણા અને સ્મીતાબેન ઠક્કરે પોતાના ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના ગાર્ગીબેન ઠક્કર અને જશોદાબેન ભાવનાની બિનહરીફ વિજેતા જાહેર થયા છે. નોંધનીય છે કે કોંગ્રેસે વોર્ડ નંબર 7માં એકપણ ફોર્મ ભરાવવાની તસ્દી સુદ્ધા લીધી નહોતી.

તેવી જ રીતે નંબર 13માં પણ ભાજપને સીધો ફાયદો થયો છે. અહીં ઓબીસી બેઠક પર ‘આપ’ના મહિલા ઉમેદવાર ભૂમિકાબેન જેઠવાએ ઉમેદવારી પત્ર પરત ખેંચી લેતા ભાજપના ચેતનાબેન ચાવડા બિનહરીફ વિજેતા બન્યા છે. વોર્ડ નંબર 5માંથી પણ અપક્ષ ઉમેદવાર અલ્પેશભાઈ ક્રિશ્ચિયને ફોર્મ પાછું ખેંચી લેતા હવે સીધી ટક્કરના સમીકરણો બદલાયા છે.

આણંદ ભાજપ દ્વારા વિજેતા ઉમેદવારોનું સન્માન કરવામાં આવ્યું હતું. અને વિજયોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

### ભાજપના 12 ઉમેદવાર કાઉન્સિલર બન્યાં

ડો. સ્વપ્નિલ પટેલ (વોર્ડ નં.6), નિશિત પટેલ (બુધાજી) (વોર્ડ નં.6), કવિતાબેન જીગ્નેશભાઈ પટેલ (વોર્ડ નં.6), હિરલબેન અર્પણભાઈ પટેલ (વોર્ડ નં.6), રૂપલબેન પટેલ (વોર્ડ નં.9), નિરાલીબેન પટેલ (વોર્ડ નં.9), જશોદાબેન રાજેશભાઈ ભાવનાની (વોર્ડ નં.7), ગાર્ગીબેન સપ્તર્ષિભાઈ પટેલ (વોર્ડ નં.7), હાર્દિકાબેન અંકિતભાઈ ઠક્કર (વોર્ડ નં.8), પ્રીતિબેન સુનિલભાઈ શાહ (વોર્ડ નં.8), અમિતજી ઠાકોર (વોર્ડ નં.8), ચેતનાબેન ચાવડા (વોર્ડ નં.13)

### કોંગ્રેસના શાસન પાંગળા સાબિત થયા?

કરમસદ-આણંદ મનપાના જંગમાં કોંગ્રેસના નેતાઓ ઉંઘતા ઝડપાયા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ભાજપ સમર્થિત ગણાતા વોર્ડમાં કોંગ્રેસ મજબૂત ઉમેદવારો તો ઠીક, સાધારણ ઉમેદવારી પત્ર પણ ભરાવી શકી નથી. બીજી તરફ, ભાજપે કોંગ્રેસના ગઢ ગણાતા વિસ્તારોમાં પણ મજબૂત યોદ્ધાઓ મેદાનમાં ઉતારીને સમગ્ર ચૂંટણી જંગને એકતરફી બનાવી દીધો હોય તેમ જણાય છે. આમ, 52 માંથી 12 બેઠકો પર અત્યારથી જ જીત મેળવી ભાજપે આણંદ મહાનગરપાલિકામાં સત્તાના સોપાન સર કરવા તરફ મક્કમ ડગ માંડ્યા છે.

### 4 ગામના મતદારો પહેલીવાર 4-4 મત આપશે

કરમસદ - આણંદ મહાનગરપાલિકામાં ચાર ગામનો સમાવેશ કરાયો છે. નવા રચાયેલા 13 વોર્ડમાં ચાર ગામને સમાવાયા છે. આ ચાર ગામના મનપાના વોર્ડના મતદારો તરીકે પહેલીવાર 4 મત આપીને મનપાનું શાસન નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. જીટોડીયા, લાંભવેલ, મોગરી, ઝોળ ગામના મતદારો માટે પંચાયતથી અલગ કોર્પોરેશનના નવા સમીકરણનો આ પ્રથમ ચૂંટણી અનુભવ રહેશે. આ ચાર ગામ અને તેમાં સંલગ્ન સોસાયટી વિસ્તારોમાં ઉમેદવારો માટે આ ચૂંટણી એક પ્રકારની લીટમસ ટેસ્ટ સાબિત થશે. ઉલ્લેખનીય છે કે, કરમસદ - આણંદ મનપામાં સમાવિષ્ટ થયેલા ગ્રામ્ય વિસ્તારો પૈકી તત્કાલીન સમયે ત્રણ ગામમાં સરપંચ અને એક ગામમાં વહીવટદારના શાસનનુ શાસન અમલમાં હતું. આમ ચારેય ગામમાં હવે સરપંચ સભ્યોને બદલે કોર્પોરેટર માટે ચુંટણી યોજાઈ રહી છે. જે મતદારો અગાઉ માત્ર સરપંચ કે સભ્ય માટે એક એક મત આપતા હતા, તેઓને હવે ચાર ચાર મત આપવાનો અધિકાર મળ્યો છે.

### આણંદ જિલ્લામાં કુલ 79 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા

આણંદ જિલ્લામાં કુલ 79 ફોર્મ પરત ખેંચાયા છે. કોંગ્રેસના 20 ફોર્મ, આમ આદમી પાર્ટીના 17 અને અપક્ષ/અન્યના કુલ 42 ફોર્મ પરત ખેંચાયા છે. વિસ્તૃત માહિતી અનુસાર કરમસદ આણંદ મહાનગરપાલિકા (મ.ન.પા. વોર્ડ 1 થી 13) મહાનગરપાલિકાના કુલ ૧૩ વોર્ડમાં 8 AAP અને 4 કોંગ્રેસના ફોર્મ પરત ખેંચાયા છે. જીલ્લાની 6 નગરપાલિકાઓમાં કુલ 41 ફોર્મ પરત ખેંચાયા છે. જેમાં પેટલાદ નગરપાલિકા સૌથી વધુ 16 ઉમેદવારો, બોરસદ નગરપાલિકા 13 ઉમેદવારો, ઉમરેઠ અને સોજીત્રા નગરપાલિકા બંનેમાં 3-3 ઉમેદવારો.ખંભાત નગરપાલિકા: 2 ઉમેદવારો. તારાપુર નગરપાલિકા: ૧ ઉમેદવારે ફોર્મ પરત લીધાં છે. જોકે ભાજપ પક્ષમાંથી એક પણ ઉમેદવારે અત્યાર સુધી પોતાનું ફોર્મ પરત ખેંચ્યું નથી, જ્યારે અપક્ષ અને અન્ય ઉમેદવારોએ 42 ફોર્મ પરત ખેંચ્યા હતા.

# ચીખલોડમાં તમામ ચારેય ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યા

**એકતા બતાવવા** પક્ષ-વિપક્ષના મહિલા ઉમેદવારો ચૂંટણી મેદાનમાંથી હટી ગયા

(પ્રતિનિધિ) કપડવંજ તા.15

ફાગવેલ તાલુકાની ચીખલોડ બેઠક પર સીમાંકનના મુદ્દે ચાલી રહેલા વિવાદે આજે અભૂતપૂર્વ વળાંક લીધો છે. ચીખલોડ ગામને કપડવંજ તાલુકામાંથી હટાવી નવનિર્મિત ફાગવેલ તાલુકામાં સામેલ કરવાના નિર્ણય સામે રોષ જોવા મળી રહ્યો છે. આ વિરોધના ભાગરૂપે ગ્રામજનોએ એકસંપ થઈને ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે, જેને સમર્થન આપતા ભાજપ, કોંગ્રેસ અને અપક્ષના તમામ ચારેય મહિલા ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો સ્વૈચ્છિક રીતે પરત ખેંચી લેતા ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

ચીખલોડ ગામના રહીશોની લાગણી છે કે, તેમનું અસ્તિત્વ કપડવંજ તાલુકા સાથે જોડાયેલું છે અને તેઓ ત્યાં જ રહેવા માંગે છે. વહીવટી તંત્ર દ્વારા તેમની માંગણી સંતોષવામાં ન આવતા ગ્રામજનોએ આક્રમક વલણ અપનાવ્યું હતું. ગામના હિતમાં રાજકીય ભેદભાવ ભૂલીને મેદાનમાંથી હટી જનાર ઉમેદવારોમાં પરમાર ભાવના બેન (ભાજપ), પરમાર સોનલ બેન (કોંગ્રેસ), શર્મા ઈલા બેન (અપક્ષ) અને શર્મા ધ્રુમાબેન (અપક્ષ) નો સમાવેશ થાય છે.

ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવતા રાજકીય પક્ષોના ઉમેદવારોએ જ્યારે ગામની એકતા માટે ફોર્મ પરત ખેંચ્યા, ત્યારે તંત્ર પણ દોડતું થઈ ગયું હતું. સ્થાનિકોએ સ્પષ્ટ સૂર ઉચ્ચાર્યો છે કે ‘અમારે ફાગવેલમાં નથી ભળવું’. આ નિર્ણયથી ફાગવેલ તાલુકા પંચાયતની આ બેઠક પર ચૂંટણી ખોરવાઈ છે.

**ભાજપની રણનીતિ વિપક્ષ પર ભારે પડી | નડિયાદ મનપામાં ભાજપની 3 બેઠકો બિનહરીફ**

# નડિયાદ મનપામાં 12 ઉમેદવારે ફોર્મ ખેંચતા હવે 104 વચ્ચે જંગ

**કોંગ્રેસના વધુ 6** ઉમેદવારો ઘટતા હવે 43 બેઠકો પર લડશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.15

નડિયાદ મહાનગરપાલિકાની ૫૨ બેઠકોની ચૂંટણી માટે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. કુલ 12 ઉમેદવારોએ પોતાના નામ પાછા ખેંચી લીધા છે, જેના પગલે હવે ચૂંટણી મેદાનમાં 104 ઉમેદવારો બાકી રહ્યા છે. આ તોડજોડની રાજનીતિ વચ્ચે ભાજપે ચૂંટણી પહેલા જ 3 બેઠકો બિનહરીફ જીતી લીધી છે, જ્યારે કોંગ્રેસની બેઠકોમાં ગાબડું પડતા તે હવે માત્ર 43 બેઠકો પર ચૂંટણી લડશે.




સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં સત્તાધારી ભાજપ અને વિરોધ પક્ષ કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો હોવા છતાં, ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે ભાજપની રણનીતિ ભારે પડી હોય તેમ જણાય છે. અગાઉ ચકાસણીમાં 119 ફોર્મ માન્ય ઠર્યા હતા, જેમાંથી 12 ઉમેદવારોએ નામ પરત ખેંચ્યા છે. ભાજપે પોતાની રણનીતિના ભાગરૂપે વિપક્ષના મજબૂત ઉમેદવારોને સમજાવવામાં સફળતા મેળવી છે. ખાસ કરીને વોર્ડ નંબર 2માં રવિન્દ્ર રાજભાઈ ડાભી ભાજપમાં જોડાઈ જવાથી કોંગ્રેસને ફટકો પડ્યો છે. આ ઉપરાંત વોર્ડ નંબર 4માં દિવ્યેશ ભરવાડ અને વોર્ડ નંબર 9માં સંદીપકુમાર પટેલ સહિતના ઉમેદવારોએ મેદાન છોડતા અનેક બેઠકો પર ભાજપ માટે જીત આસાન બની છે.

# ખેડા જિલ્લા પંચાયતની ચાર બેઠક બિનહરીફ થઈ

**મહેમદાવાદ, માતર** અને કપડવંજમાં કેસરીયો લહેરાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.15

ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના રણશિંગા ફૂંકાયા છે ત્યારે મતદાન પ્રક્રિયા પૂર્વે જ ભારતીય જનતા પાર્ટીએ અનેક બેઠકો પર બિનહરીફ જીત મેળવી પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. વિરોધ પક્ષોના ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા જિલ્લા પંચાયતની 4 બેઠકો ઉપરાંત તાલુકા પંચાયત અને નગરપાલિકાની બેઠકો પર ભાજપે ચૂંટણી પહેલા જ વિજય પરચમ લહેરાવ્યો છે.

મહેમદાવાદ તાલુકાની દેવકી વણસોલ બેઠક પર અજીતસિંહ ડાભી અને કનીજ બેઠક પર મિતુલ રાઠોડ બિનહરીફ જાહેર થયા છે. આ બંને બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોએ મેદાન છોડી દીધું હતું. તેવી જ રીતે, માતરના ધારાસભ્ય કલ્પેશ પરમાર અને સંગઠનના પ્રયાસોથી રઢુ જિલ્લા પંચાયત બેઠક પર ચેતનાબેન પિનાકિનભાઈ રાજપૂત બિનહરીફ થયા છે, જ્યાં કોંગ્રેસ અને આપના ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચ્યા છે. અગાઉ મહિજ બેઠક પણ બિનહરીફ થતા જિલ્લા પંચાયતની કુલ 4 બેઠકો પર ભાજપે કબજો જમાવ્યો છે.

ખેડા તાલુકા પંચાયતની હરિયાળા બેઠક પર યુવા મોરચાના પ્રમુખ પ્રતીક પટેલ (મોન્ટુ) બિનહરીફ ચુંટાયા છે. નગરપાલિકા સ્તરે કપડવંજ વોર્ડ-3 માં પણ ભાજપના ત્રણેય ઉમેદવારો (કોમલબેન પટેલ, સેજલબેન પટેલ અને સુરેશભાઈ ઠાકોર) બિનહરીફ વિજેતા બન્યા છે. ભાજપની આ જીતને ધારાસભ્યએ સંગઠિત મહેનત અને જનતાના અતૂટ વિશ્વાસનું પરિણામ ગણાવ્યું છે.

# સગીરાનો વીડિયો વાયરલ કરનાર શખ્સને 10 વર્ષ સખત કેદની સજા

**સ્પેશિયલ પોક્સો** અદાલતે આરોપીને રૂ. 1.20 લાખનો દંડ ફટકાર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.15

નડિયાદની સ્પેશિયલ પોક્સો અદાલતે એક મહત્વપૂર્ણ ચુકાદામાં 15 વર્ષની સગીરા સાથે જાતીય અડપલાં કરી તેનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કરનાર આરોપી શૈલેષ ઉર્ફે સુનીલકુમાર દિનેશભાઈ જાદવને 10 વર્ષની સખત કેદની સજા અને કુલ રૂ. 1,20,000 નો દંડ ફટકાર્યો છે.

નડિયાદ તાલુકાના ચકલાસી તાબે વનીપુરાનો 21 વર્ષીય આરોપી શૈલેષ જાદવ ગત 30મી નવેમ્બર, 2022 ના રોજ સગીરાને લલચાવી અનગઢ ગામે એકાંત સ્થળે લઈ ગયો હતો. બાદમાં તેણે સગીરાને અડપલાં કરી તેનો વીડિયો મોબાઈલમાં ઉતાર્યો હતો અને સગીરાને ધમકી આપી હતી કે, જો તે તેની સાથે સંબંધ નહીં રાખે તો આ વીડિયો વાયરલ કરી દેશે, અને ત્યારબાદ આ અશ્લીલ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. આ અંગે ચકલાસી પોલીસ મથકે આઈ.ટી. એક્ટ અને પોક્સો હેઠળ ગુનો નોંધાતા પોલીસે તેની ધરપકડ કરી હતી.

આ કેસ નડિયાદના સ્પેશિયલ પોક્સો જજ પી. પી. પુરોહિતની કોર્ટમાં ચાલતા સરકારી વકીલ પ્રેમ આર. તિવારીએ દલીલ કરી કડક સજા કરવાની રજૂઆત કરી હતી, જેને ગ્રાહ્ય રાખી અદાલતે 10 વર્ષ સખત કેદની સજા ફટકારી છે.

### કઈ કલમ હેઠળ કેટલી સજા અને દંડ?

- પોક્સો એક્ટ કલમ 3(બી) અને 4 મુજબ : 10 વર્ષની સખત કેદ અને રૂ. 15,000 દંડ.
- પોક્સો એક્ટ કલમ 12 મુજબ : 3 વર્ષની સખત કેદ અને રૂ. 5,000 દંડ (દંડ ન ભરે તો વધુ 3 માસની કેદ).
- આઈ.ટી. એક્ટ કલમ 67 મુજબ : 3 વર્ષની સખત કેદ અને રૂ. 25,000 દંડ (દંડ ન ભરે તો વધુ 3 માસની કેદ).
- આઈ.ટી. એક્ટ કલમ 67(બી) મુજબ : 7 વર્ષની સખત કેદ અને રૂ. 50,000 દંડ (દંડ ન ભરે તો વધુ 6 માસની કેદ).
- આઈ.ટી. એક્ટ કલમ 66(ઈ) મુજબ : 3 વર્ષની સખત કેદ અને રૂ. 25,000 દંડ (દંડ ન ભરે તો વધુ 3 માસની કેદ).

# નડિયાદના મરીડામાં ચાર શખ્સનો પરિવાર પર હુમલો

**પરણીતા સાથે** સંબંધની શંકા રાખી હુમલાખોરોએ ઘરમાં તોડફોડ કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.15

નડિયાદ તાલુકાના મરીડા ગામે રહેતા એક યુવકને અન્ય શખ્સની પત્ની સાથે પ્રેમ સંબંધ હોવાની અદાવત રાખી ચાર શખ્સોએ લાકડી અને પાઈપ જેવા હથિયારો સાથે હુમલો કર્યો હતો. હુમલાખોરોએ યુવકના ઘરે તોડફોડ કરી આતંક મચાવતા નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નડિયાદના મરીડાના રૂપપુરામાં રહેતા કાળુભાઈ તળપદાના પુત્ર વિકાસને નડિયાદના માખણપુરાની એક પરણીતા સાથે સંબંધ હોવાની શંકા તેના પતિ સાગર તળપદાને હતી. આ વેરભાવ રાખી ગતરોજ સાગર તેના ત્રણ સાથીઓ - પવન નટુભાઈ, જીગ્નેશ નટુભાઈ અને હર્ષદ ચંદુભાઈ સાથે કાળુભાઈના ઘરે ધસી આવ્યો હતો. વિકાસ ઘરે હાજર ન મળતા ઉશ્કેરાયેલા હુમલાખોરોએ ઘરમાં જબરદસ્તી પ્રવેશ કરી ફ્રિજ, પાણીના માટલા અને તિજોરી સહિતના સામાનમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું.

આ દરમિયાન કાળુભાઈએ તેમને રોકવાનો પ્રયાસ કરતા તેમની સાથે પણ ઝપાઝપી કરી માર મારવામાં આવ્યો હતો. હુમલાખોરોએ જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર મામલે કાળુભાઈએ નડિયાદ ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ચારેય શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદમાં ગરમીનો પ્રકોપ તાપમાન 40 ડિગ્રીએ પહોંચ્યું

**આગામી 5 દિવસ** પણ પારો 40 ડિગ્રી આસપાસ રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.15

ચરોતર પંથકમાં આ વરસે પણ ઉનાળો હવે આકરો મિજાજ બતાવી રહ્યો છે. ભારત મૌસમ વિભાગની આગાહી મુજબ, આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન હવામાન મુખ્યત્વે સૂકું અને ગરમ રહેવાની શક્યતા છે. મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ સુધી સ્થિર રહેવાની ધારણા હોવાથી ખેતી અને પશુપાલન પર તેની ગંભીર અસરો જોવા મળી શકે છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવેલ બુલેટિન મુજબ, ચરોતર પંથકમાં 18મી એપ્રિલ દરમિયાન આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેશે અને પવનની ગતિ 8થી 14 કિલોમીટર રહેવાની શક્યતા છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટીને લઘુત્તમ 15 ટકા સુધી જઈ શકે છે, જેના કારણે ઉભા પાકમાં ભેજની અછત સર્જાઈ શકે છે.

આ અંગે નિષ્ણાતોએ ખેડૂતોને ખાસ કરીને વહેલી સવારે અથવા સાંજના સમયે હળવું પિયત આપવાની ભલામણ કરી છે. આ ઉપરાંત, વધતી ગરમીને ધ્યાનમાં રાખીને પશુધનને બપોરના સમયે છાંયડામાં રાખવા અને દૂધાળા પશુઓને દિવસમાં બે થી ત્રણ વખત નવડાવવા સૂચન કરવામાં આવ્યું છે.

### ખેડૂતોને સાવચેત રહેવા સલાહ

- **પિયત વ્યવસ્થા:** જમીનમાં ભેજ જાળવી રાખવા માટે ટૂંકા ગાળે અને હળવું પિયત આપવું. જમીનનું તાપમાન જાળવવા પ્લાસ્ટિક અથવા પાકના અવશેષોનું મલ્ચિંગ (આવરણ) કરવું.
- **કેળની ખેતી:** ગરમીથી બચવા કેળમાં 7 થી 8 દિવસના અંતરે પિયત આપવું અને ફરતે શેવરી જેવા પવન અવરોધક ઝાડ ઉછેરવા.
- **ઉનાળુ ડાંગર:** ડાંગરના ક્યારામાં 5 થી 7 સે.મી. સુધી પાણી ભરેલું રાખવું જેથી છોડને ઠંડક મળી રહે.
- **ઉનાળુ બાજરી:** ફૂટ અને ફૂલ આવવાની કટોકટીની અવસ્થાએ પિયત આપવું અનિવાર્ય છે.
- **શાકભાજી:** ભીંડા, મરચી અને ટામેટીમાં સફેદમાખી કે થ્રિપ્સ જેવી જીવાતોનો ઉપદ્રવ જણાય તો ભલામણ મુજબની દવાઓનો સાંજના સમયે છંટકાવ કરવો.

# નડિયાદની હોસ્પિટલને 103 વર્ષના વૃદ્ધાનું દેહદાન ‘મહાદાન’ બન્યું

**રાખ થઈ જવા** કરતા માનવજાતના કલ્યાણમાં ઉપયોગી થવું એ જ શ્રેષ્ઠ દાન

(પ્રતિનિધિ) નડિયાદ તા.15

નડિયાદની ડો.એન.ડી. દેસાઈ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ ખાતે 103 વર્ષીય સંતોકબેન રુડાભાઈનું 25મું દેહદાન સ્વીકારવામાં આવ્યું હતું, જે સમાજ માટે એક પ્રેરણારૂપ કિસ્સો છે. તબીબી વિજ્ઞાનમાં જ્યારે કોઈ નવો ડોક્ટર તૈયાર થાય છે, ત્યારે પુસ્તકો સિવાય તેને શરીર રચનાનું સાચું જ્ઞાન આપનાર કોઈ હોય તો તે છે ‘મૃતદેહ’.

નડિયાદની ડો.એન.ડી. દેસાઈ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચના જણાવ્યાનુસાર, મેડિકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મૃત માનવદેહ એ ‘પ્રથમ શિક્ષક’ સમાન હોય છે. વિદ્યાર્થીઓ આ દેહનું ડિસેક્શન કરીને માનવ શરીરની જટિલ રચનાઓનો ઊંડો અભ્યાસ કરે છે. ઉચ્ચ તબીબી શિક્ષણ અને ગુણવત્તાસભર



સંશોધનો સતત મળતા રહે તે માટે દેહદાન અનિવાર્ય છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાનો દેહ આપે છે, ત્યારે તે પરોક્ષ રીતે અનેક ભાવિ ડોક્ટરોને તાલીમ આપીને સેંકડો દર્દીઓના જીવ બચાવવામાં મદદરૂપ થાય છે.

રાખમાંથી કલ્યાણ તરફ પરંપરાગત રીતે મૃત્યુ બાદ શરીરને અગ્નિ સંસ્કાર આપી દેવામાં આવે છે, જેનાથી તે માત્ર રાખમાં ફેરવાઈ જાય છે. પરંતુ દેહદાન એ રાખ બની જવાને બદલે માનવજાતના કલ્યાણ માટે ઉપયોગી થવાનો એક ઉમદા માર્ગ છે. જો આપણે આપણા સ્વજનો કે પરિચિતોના મૃત્યુ બાદ તેમના વારસદારોને દેહદાન માટે સમજાવીએ, તો તેનાથી મોટું કોઈ પુણ્યનું કામ હોઈ શકે નહીં.

કેવી રીતે થઈ શકે દેહદાન?

કોઈપણ વ્યક્તિ જીવિત હોવા દરમિયાન સંસ્થાના એનાટોમી વિભાગમાં જઈને સંકલ્પ પત્ર ભરી શકે છે. વ્યક્તિના મૃત્યુ બાદ તેના વારસદારો મેડિકલ કોલેજના એનાટોમી વિભાગમાં 24 કલાક દરમિયાન ગમે ત્યારે દેહદાન કરી શકે છે. આ માટે સંસ્થા દ્વારા સંપર્ક નંબર મો.99794 05250 પણ જાહેર કરવામાં આવ્યો છે. જેથી જરૂરી માર્ગદર્શન મેળવી શકાય છે.

આમ, દેહદાન એ માત્ર તબીબી જરૂરિયાત નથી, પરંતુ માનવતાની એવી સુવાસ છે જે મૃત્યુ પછી પણ જીવંત રહે છે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**